# <u>સ્તોત્રાધિરાજ શ્રી વર્ધમાન શક્રસ્તવ</u>

- <u>અતુલકુમાર વ્રજલાલ શાહ</u>

જેવી રીતે મંત્રોમાં શ્રી નમસ્કાર મંત્ર, સૂત્રોમાં શ્રી કલ્પસૂત્ર, પર્વોમાં પર્યુષણ પર્વ, તીર્થોમાં શ્રી શત્રુંજય મહાતીર્થ મૂર્ધન્ય કહેવાય છે, તેમ સઘળાય શ્રી અરિહંત પ્રભુના 'સ્તવ'માં અપેક્ષાથી '**શ્રી વર્ધમાન શક્રસ્તવ**' મૂર્ધન્ય કહેવાય છે. પ્રાયઃ આ 'સત્વ' શાશ્વત છે. આ 'સત્વ'માં દ્વાદ્વશાંગીના સર્વોત્કૃષ્ટ શ્રેષ્ઠ શબ્દની વિશિષ્ટ રચના શબ્દ- બ્રહ્મસ્વરૂપ સ્તવના ઉત્પન્ન થાય છે. જાણે 'નમો અરિહંતાણં' પદની વિષદ વ્યાખ્યા કરી હોય તેવો ભાસ થાય છે. શ્રી અરિહંત પ્રભુનો પરિચય વિશિષ્ટ શબ્દ - લાલિત્ય અને મંત્ર ગર્ભિત વિશેષણોના માધ્યમથી અભિવ્યક્ત થતું હોવાથી સાધકો માટે આહ્લાદકારી અને આશ્ચર્યકારી બન્યું છે.

આ અદભુત સ્તવની રચના સંસ્કૃત ભાષામાં ગદ્ય-પદ્ય કાવ્યમાં શ્રી અરિહંત પ્રભુના અનુપમ ૨૭૮ વિશેષણોથી અલંકૃત ૧૧ આલાવા અને 'સ્તવ'નો વિશિષ્ઠ ફલાદેશને દર્શાવતો ૧૧ ચૂલિકા સાથે કરવામાં આવેલ છે. શ્રી અરિહંત પ્રભુના ચ્યવન અને જન્મ કલ્યાણક વખતે એકાવતારી, સમયગ્દ્રષ્ટિ શ્રી શક્રેન્દ્ર મહારાજા અત્યંત રોમાંચિત થઈને પ્રભુજીના ગુણોનું સ્તવન કરે છે, તે આ '**શ્રી વર્ધમાન શક્રસ્તવ**' પ્રભાવ સંપન્ન, સમર્થવાદી, રાજા વિક્રમના પ્રતિબોધક, કવિ શિરોમણી, કલ્યાણ મંદિર સ્તવનના રચયિતા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ વિજય સિદ્ધસેન દિવકર સૂરજી મહારાજા પર પ્રસન્ન થઈને આપવામાં આવેલ છે. જેનો ઉલ્લેખ 'સ્તવ'માં પણ કરવામાં આવેલ છે કે 'યથેન્દ્રેણ પ્રસન્તેન, સમાદિષ્ટોઽહર્તામ સ્તવ:|" ('**यथेन्दर्णे प्रसन्तेन, समादिष्टोहर्ता** स्तव:| )

- '**શ્રી વર્ધમાન શક્રસ્તવ' મહત્વ** :

આપણા જૈન શાસનમાં કાલિકાલ સર્વજ્ઞ, પૂજ્ય પાદ હેમચંદ્રાચાર્યજીએ 'સહસ્ત્રનામ સ્તોત્ર'માં પ્રભુજીને ૧૦૦૮ પર્યાયવાચી શબ્દોથી સંબોધ્યા છે. તે જ રીતે શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રમાં 'નમોઽત્યુણમ્ સૂત્ત'માં ૩૫ વિશિષ્ટ પર્યાયવાચી શબ્દોથી સ્તવના કરવામાં આવી છે. પ્રસ્તુત આ 'શક્રસ્તવ'માં ૩૦૦ આસપાસ પર્યાયવાચી શબ્દોથી સ્તવાયા છે. એક એક ગુણ વાચક પર્યાયવાચી નામ-શબ્દમાં 'અણુબોમ્બ' કરતાંય વધારે તાકાત ભરેલી છે. જેના અચિંત્ય પ્રભાવે ભવોભવના ઉપાર્જિતત પાપકર્મનો નાશ સહજતાથી સંભવે છે.

જેવી રીતે પરમાત્માની મૂર્તિ અંજનશલાકાથી અધિવાસિત થવાથી 'સ્થાપના-નિક્ષેપે' પૂજનીય બને છે, શ્રી કલ્પસૂત્ર આદિ આગમસૂત્રમાં પરમાત્માનું અદભુત વર્ણન શ્રવણ કરવાથી 'દ્રવ્ય-નિક્ષેપે' પૂજનીય બને છે. મહાવિદેહ ક્ષેત્રમાં સાક્ષાત વિચરતાં શ્રી સીમંધર સ્વામી આદિ વીશ વિહરમાન પરમાત્માની 'ભાવ-નિક્ષેપે' પૂજા થાય છે, તેમ આ 'શક્રસ્તવ'થી પરમાત્માના વિશિષ્ટ ગુણવાચક નામના માધ્યમથી 'નામ નિક્ષેપે' પૂજા થાય છે. આ યોગ સ્વરૂપ છે અને વિશિષ્ટ ફળદાયી પણ છે.

જેમ ગોળનો સ્વાદ ચાખ્યા પછી કોઈ પૃચ્છા કરે કે, ગોળ કેવો છે ? તો તે શબ્દોથી વર્ણવું અશક્ય છે, પણ તે ગોળ જાતે ચાખવાથી જ તેના સ્વાદની સાચી ઓળખ મળે, જેને ન્યાયની ભાષામાં 'ગુડમૂક' ન્યાય કહેવાય છે, તેમ જ આ 'શક્રસ્તવ'નું નિયમિત પાઠ કરવાથી જ આનો પ્રભાવ કે મહિમા કંઈક અંશે સમજી શકાય. કેમકે આ વર્ણન 'શબ્દાતીત' છે

**" પૂજા કોટી સમં સ્તોત્રં, સ્તોત્રં કોટિ સમં જપમ્ ।**

**જપમ્ કોટિ સમં ધ્યાનં, ધ્યાનં કોટિ સમં લયમ્ ॥"**

ભાવાર્થ: એક કરોડ પૂજાથી અધિક એક (સ્તવ-સ્તુતિ) 'સ્તોત્ર' ફળદાયી કહેવાય છે, કેમ કે પૂજામાં ફક્ત 'કાય-યોગ' હોય છે, જ્યારે 'સ્તોત્ર'માં 'કાય અને વચન' બંને યોગની હાજરી હોય છે. એક કરોડ 'સ્તોત્ર' કરતાં એક 'જાપ' વધારે ફળદાયી કહેવાય છે, કે 'સ્તોત્ર'માં ફક્ત કાય-વચનયોગ હોય છે, જ્યારે જાપમાં 'કાય-વચન' સાથે 'સ્થૂળ-યોગ' પણ જોડાયેલું હોય છે. એક કરોડ 'જાપ' કરતાં એક 'ધ્યાન' વધારે ફળદાયી કહેવાય છે, કેમકે 'જાપ'માં ફક્ત 'કાય-વચન અને સ્થૂલપનયોગ' હોય છે, જ્યારે 'ધ્યાન'માં 'કાય-વચન અને સ્થૂલપન' સાથે 'સૂક્ષ્મ મન-યોગ' પણ જોડાયેલ હોય છે. એક 'ધ્યાન' કરતા એક 'લય' વધારે ફળદાયી કહેવાય છે. કેમકે 'ધ્યાન'માં 'કાય-વચન-સ્થૂળમન-સૂક્ષ્મમન યોગ' હોય છે જયારે 'લય'માં 'કાય-વચન-સ્થૂળમન-સૂક્ષ્મમન યોગ' સાથે પોતાનો 'આત્મા' પણ તલ્લીન હોય છે.

આવી રીતે 'શક્રસ્તવ'ને જ્યારે કોઈ સાધકાત્મા સંપૂર્ણ સ્મરણ કરે છે, ત્યારે તે પણ 'આત્મા'માં તલ્લીન બને છે. તે વેળાએ શ્રી સિદ્ધ ભગવંતોને જે સહજાનંદનો અનુભવ થાય છે, તેવો કંઈક અંશે આંશિક અનુભવ આવા કાલિકાલ સ્વરૂપ પાંચમા આરામાં પણ સાધકાત્માને સહજતાથી થાય છે.

➢ **'શ્રી વર્ધમાન શક્રસ્તવ' કરવાની રીત** :

આ મહાચમત્કારી 'શક્રસ્તવ'ને સૌ પ્રથમવાર જૈન શાસનમાં ઉજાગર કરવાનું સૌભાગ્ય ૩૫-૪૦ વર્ષ પહેલા શ્રાદ્ધવર્ય શ્રી ચીનુભાઇ રતિલાલ દોશીને પ્રાપ્ત થયું હતું. તેઓને સહજભાવે કાવી-ગંધારતીર્થના જ્ઞાન ભંડારમાંથી આ 'શક્રસ્તવ' પહેલીવાર મળ્યું, ત્યારે નાના બાળકની જેમ ખુશીથી નાચી ઊઠ્યા, ત્યારબાદ અનેક પૂજ્ય મહાત્માઓની પાસે યોગ્ય માર્ગદર્શન અને પાઠ કંઠસ્થ કરીને આ 'સ્તવ'ની પાછળ અંતિમ શ્વાસ સુધી રચ્યાં-પચ્યાં રહેતા. યોગ્ય મહાનુભાવને આનો સ્વાધ્યાય કરવા પ્રેરણા કરતા અને તેના પ્રભાવે આજે ચતુર્વિધ સંઘ સહુ આ 'શક્રસ્તવ'નો પાઠ કરતાં જોવા મળે છે. શ્રી ચીનુભાઇ 'શક્રસ્તવ'ના કારણે સદા અમર રહેશે.

'શ્રી વર્ધમાન શક્રસ્તવ'નો પાઠ પ્રારંભ કરતા પહેલાં કૃતજ્ઞતાને પ્રગટ કરવા માટે દરરોજ સહુ પહેલા નીચે લખેલા છ વાક્યો (માલકોશ રાગમાં) અચૂક બોલી ને પછી જ આગળ વધવાનો લક્ષ્ય રાખવો –

➢ **કૃતજ્ઞતાના છ વાક્યો** :

- જયતુ જયતુ નિત્યં શ્રી અરિહંત પરમાત્મા ||
- જયતુ જયતુ નિત્યં શ્રી વર્ધમાન – શક્ર-સ્તવઃ ||

- જયતુ જયતુ નિત્યં શ્રી શક્રેન્દ્ર મહારાજા ||
- જયતુ જયતુ નિત્યં શ્રી પરોપકારી ગુરુદેવઃ ||
- જયતુ જયતુ નિત્યં શ્રી સિદ્ધસેન-દિવાકર-સૂરીઃ ||
- જયતુ જયતુ નિત્યં શ્રી શ્રુત દેવતા ||

આ 'શક્રસ્તવ'માં મંત્ર ગર્ભિત ગૂઢ રહસ્યોથી ભરપૂર સર્વોત્કૃષ્ટ શબ્દો દ્વારા આ વિશ્વના સર્વોત્તમ પુણ્યના ભંડાર, સર્વદોષ મુક્ત, સર્વગુણ યુક્ત, ૬૪ ઇન્દ્રો સહિત અસંખ્ય સમ્યગ્યદ્રષ્ટિ દેવતાઓ દ્વારા પૂજાયેલા એવા શ્રી અરિહંત પ્રભુની વિશિષ્ટ રીતે સ્તવના કરવામાં આવી છે. આ 'શક્રસ્તવ'ના પહેલા ૧૧ આલાવામાં ગદ્યકાવ્ય દ્વારા ૨૭૩ ગુણવાચક નામથી સ્તવના કરવામાં આવી છે. ત્યારબાદ બીજમંત્રાક્ષર આપવામાં આવે છે.

**"ઓમ્ હ્રીઁ શ્રીઁ અર્હઁ નમઃ"**

આ મંત્રની પાંચ માળા ગણવી અથવા ઓછામાં ઓછી એક માળાનો જાપ કર્યા પછી આગળના શ્લોકો અને ફળદેશની ૧૧ ચૂલિકા સુધી અંતિમ શ્લોક સાથે પાઠ પૂરો કરવો. મંત્રાક્ષર પછીના પદ્ય કાવ્યસ્વરૂપ પાંચ શ્લોકમાં ખૂબ સુંદર વાત સાધકાત્મા માટે કરેલી છે કે, ' યોજિતઃ સોઽહમેવ ચ' – 'જે રાગદ્વેષના વિજેતા જિન છે તે હું પોતે જ છું.' આ અતિ મહત્વનો ફલાદેશ છે.

આ 'શક્રસ્તવ'ને વિશિષ્ટ પર્વના દિવસે વિનયપૂર્વક ગુરૂમુખેથી ગ્રહણ કરવું. ત્યારબાદ શબ્દોના શુદ્ધ ઉચ્ચાર પૂર્વક કંઠસ્થ કરવા પ્રયત્ન કરવો. જેમને ગોખવાનું ન ફાવતું હોય તેમણે દરરોજ પુસ્તકમાંથી જોઈને શુદ્ધ ઉચ્ચાર પૂર્વક પાઠ કરવો. આ રીતે નિયમિત પાઠ કરવાથી થોડા મહિનાઓમાં આપોઆપ કંઠસ્થ થઈ જશે. શક્ય હોય તો ત્રિકાળ સંધ્યા અથવા છેવટે બનતા સુધી સવારે પ્રાતઃકાળે નયણાંકોઠે એકવાર આ 'શક્રસ્તવ'નો પાઠ જૈન મંદિરમાં કે ઉપાશ્રયમાં કે પછી ઘરે પ્રભુજીની પ્રતિકૃતિ સમક્ષ અર્થના ઉપયોગપૂર્વક મૂળસૂત્રનો ભાવ પૂર્વક પાઠ કરવો. નિયમિત પાઠ કરવાથી અપૂર્વ આનંદની અનુભૂતિ થશે. શ્રી અરિહંત પરમાત્માના ગુણ અને હંમેશા યાદ કરીને 'નમો' શબ્દ આગળ લાવીને સ્મરણ કરવાથી 'ઈલિકા-ભ્રમર' ન્યાય મુજબ તે ગુણ આપણા આત્મામાં ધીરે ધીરે પ્રગટ થાય છે. શ્રી અરિહંત પ્રભુની ઉપાસના કરવા ઇચ્છતા ભક્તોને પોતાના જીવનમાંથી દોષોનો ઘટાડો થાય અને અનુક્રમે દોષોનો સંપૂર્ણ નાશ થાય, તેમજ પ્રભુની જેમ સર્વ ગુણ સંપન્નતા પ્રાપ્ત થાય એ જ એક મુખ્ય લક્ષ્ય છેવટ સુધી જાળવીને સાધના કરવી જોઈએ.

**'સુજ્ઞેષુ કિં બહુના ?'**

શ્રી અરિહંત પ્રભુના એક-એક વિશેષણોમાં ભાવાતીત બનવાની ક્ષમતા ભરેલી છે... તેથી તેના પ્રભાવે આધ્યાત્મિક આનંદની છોળો ઉછળશે અને ચારેકોર એક એક આભપ્રદેશમાં આનંદ-મંગલ છવાશે.

- **'શ્રી વર્ધમાન શક્રસ્તવ' ફલાદેશ** :

આપણા સહુના શરીરમાં રહેલા સાડા ત્રણ કરોડ રુંતાડામાં જિનેશ્વર પરમાત્માનું શાસન લોહી-માસની જેમ એકાકાર થઇ જાય તેવી કરુણા વર્ષાવતા કાલિકાલ સર્વજ્ઞ, પૂજ્યપાદ હેમચંદ્રાચાર્યજીએ પોતાના

જીવનકાળ દરમ્યાન સાડા ત્રણ કરોડ નવા શ્લોકોની રચના કરી હતી. તેમાં પરમહિત રાજા કુમારપાળની વિનંતીથી રચેલ 'વિતરાગ સ્તોત્ર'ના પહેલા પ્રકાશમાં ફરમાવે છે કે –

**"તત્ર સ્તોત્રેણ કુર્યા ચ, પવિત્રાં સ્વાં સરસ્વતીમ્ ।**

**ઇદં હિ ભવકાન્તારે, જન્મિનાં જન્મનઃ ફલમ" ॥**

**ભાવાર્થ:** પરમાત્માની સ્તુતિ દ્વારા પોતાની જીભને બનાવવી, એમાં જ આ સંસારરૂપી અટવીમાં જન્મ પામેલાં માનવોની સાર્થકતા છે.

તેમજ "૩૪ અતિશયોથી શોભતા અને ૩૫ વાણીના ગુણોથી ઓપતા એવા શ્રી અરિહંત પ્રભુના ગુણોનું યથાર્થ (જેવું છે તેવું) સ્વરૂપનું વર્ણન માત્ર 'અરિહંત' જ કરવા સમર્થ બની શકે. તેમ છતાં કોઈ અરિહંત પ્રભુના એક પણ ગુણની સાચા ભાવે સ્તવના કરે, તો તેણે જે ફળની પ્રાપ્તિ થાય, તે પણ કહેવું અશક્ય બને છે."

પ્રભુના નામનો મહિમા અને ગુણોનું સંપૂર્ણ વર્ણન સ્વયં કેવલજ્ઞાની તીર્થંકર પરમાત્મા પણ પોતાની ૩૫ ગુણોથી અલંકૃત વાણીથી કરવા સમર્થ બની શકતા નથી, કેમકે શબ્દની શક્તિ અને મર્યાદા ખૂબ જ સીમિત હોય છે. તેમજ શ્રી અરિહંત પ્રભુના અનંતગુણો સ્વયં તીર્થંકર બન્યા પછી જ અનુભવી શકાય છે. તેમ છતાં આજ સુધી થયેલા ભક્ત હૃદયી કવિવર્ય મહાત્માઓએ આપણા ઉપર અનહદ ઉપકાર વર્ષાવતા હોય તેમ સહજ સ્ફૂરણાથી પ્રગટ થયેલ પરમાત્મા ભક્તિના પ્રભાવે કંઈક આંશિક ગુણોનું વર્ણન કરવા પ્રયત્ન કર્યો છે જેમકે –

"ગગન તણું ન લહુ જિમ પાન, અનંતફળ ટીમ પ્રભુ ગુણ-ગાન.."

"જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ – અંગ.."

"નામ લીયંતા આવી મિલે, મન ભીતર ભગવાન.."

"જિનવાર નામે મંગલ ક્રોડ.."

પ્રભુના નામથી પ્રેમ, પ્રેમથી સદ્ભાવ, સદ્ભાવથી મહાભાવ અને અંતે ભાવાતીત અવસ્થાને પ્રાપ્ત કરી શકાય છે. અજોડ જોગી-યોગી, પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ વિજય રામચંદ્ર સૂરીશ્વરજીના શિષ્યરત્ન આધ્યાત્મયોગી, પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યના ચિંતનાત્મક શબ્દોમાં કહીએ તો -

"પ્રભુનું નામ એ પારસમણિ સમાન છે, જે મનરૂપી લોખંડને સુવર્ણ બનાવે છે. પ્રભુના નામને કરેલો નમસ્કાર એ અચિજ્ય ચિંતામણિ રત્ન સમાન છે, જે આત્મારૂપી સુવર્ણને પારસમણિ બનાવે છે. 'નામ' પ્રભુનો 'પરિચય' કરાવે છે, જ્યારે 'નમસ્કાર' પ્રભુ પ્રત્યે 'સમર્પણ' કરાવે છે. 'યોગ્ય'ને નમવાથી આપણામાં 'યોગ્યતા' પ્રગટે છે, પણ 'ઉપકારી'ને નમવાથી આપણામાં 'કૃતજ્ઞતા' પ્રગટે છે. જે 'અયોગ્ય'ને નમે છે, તેણે પરભવમાં 'પશુયોનિ'માં જન્મ લેવો પડે છે."

દોષથી પીડિત વ્યક્તિને સાથે રાખીએ તો જીવનમાં એક પણ ગુણ ન તો પ્રગટે.. ન તો ટકે.. ન તો વધે.. પરંતુ જો ગુણોથી સમૃદ્ધ વ્યક્તિને સાથે રાખીએ તો જીવનમાં અનેક ગુણો પ્રગટે.. ટકે.. અને વધે.. કવિ કહે છે –

**"જબ જિનરાજ કૃપા કરે, તબ શિવસુખ થાવે;**
**અક્ષય અનુપમ સંપદા, નવ નિધિ ઘેર આવે.."**

જ્યારે હૃદયમાં પ્રભુની પધરામણી થશે, ત્યારે જીવનમાં ગુણ વૃદ્ધિ શરૂ થશે.

પ્રભુની ભક્તિ કેવો ચમત્કાર સર્જાવે...

- પાપીને નિષ્પાપી બનાવે..
- પરિગ્રહીને અને નિષ્પરિગ્રહી બનાવે..
- ચિંતિતને નિશ્ચિંત બનાવે..
- સ્પૃહીને નિસ્પૃહી બનાવે..
- દંભીને નિર્દંભી બનાવે..
- ઉપાધિકને નિરૂપાધિક બનાવે..
- મલીનને નિર્મળ બનાવે...
- ઉપદ્રવી નિરુપદ્રવી બનાવે...
- રોગીને નિરોગી બનાવે...
- સંસારીને નિર્વાણપદે પહોંચાડે..
- જ્યાં પરમાત્મા ત્યાં લીલા લહેર...
- પરમાત્માનું સાનિધ્ય... સૌભાગ્ય પ્રગટાવે..
- પરમાત્માની સોબત... કર્મની નોબત વગડાવે...
- પરમાત્માની સંગત... કર્મની સંગત છોડાવે..
- પરમાત્માનું સહવાસ... નિર્વિકારી બનાવે...
- પરમાત્માનું શરણું... નિર્ભય બનાવે...
- પરમાત્માની સ્તવના ... મોહ- જવરને ઉતારે...
- પરમાત્માનો સહકાર.... ની:સંગી-સંયમી બનાવે..
- પરમાત્માની સ્થિરતા... સંસાર પળોજણ ભૂલાવે..
  અને છેલ્લે...
- પરમાત્માને સમર્પણ... ભવ ભ્રમણ અટકાવે...

**'અષ્ટ મહાસિદ્ધિપ્રદ્ઘ = આઠ મહાસિધ્ધિઓને આપવામાં સમર્થ બને;**

આ 'શક્રસ્તવ'ના ફલાદેશના એક સામાન્ય શરૂઆતના શબ્દોમાં પણ અનેક ગંભીર વાત કરવામાં આવી છે. જેમકે, 'મંત્ર રાજોપનિષદગર્ભમ્' = સમસ્ત મંત્રનો ઉદભવ સ્થાન; 'સર્વપા નિવારણમ્ = અનંતા ભવોના સઘળાય પાપોનું હરણ કરવા સમર્થ; 'સર્વ પુણ્ય કારણમ્' = આ લોક પરલોક સંબંધિત સઘળા પુણ્યો માટે કારણભૂત.( દુઃખની માતાનું નામ 'પાપ' છે, તેની માતાની માતાનું નામ 'દોષ' છે. 'સુખ'ની માતાનું નામ 'પુણ્ય' છે. તેની માતાની માતાનું નામ 'ગુણ' છે. આપણે સૌ 'સુખ' અને 'દુઃખ' માટે રડતા હોઈએ છીએ, પરંતુ તેની પણ માતા 'ગુણ' અને 'દોષ'ની સદંતર ઉપેક્ષા કરીએ છીએ. કર્મ સત્તાની જોહુકમી મુજબ નાનામાં નાના 'ગુણ'નું સેવન કર્યું હશે તો તે 'સુખ'નો આસ્વાદ જરૂર કરાવશે. તેથી 'ગુણ'ના અનુરાગી અને 'દોષ'ના દ્વેષી બનવું હિતાવહ છે. 'મહાપ્રભાવમ' મહા-પ્રભાવશાળી 'અનેક-સમ્યઞ્દ્રષ્ટિ-ભદ્રક-દેવતા-શત-સહસ્ર-શુશ્રૂષિતમ્' = અનેક સમ્યઞ્દ્રષ્ટિ ભદ્રપરિણામી દેવતાઓની શૃંખલા દ્વારા સેવાયેલું; 'ભવાંતર – કૃતાડસંખ્ય – પુણ્ય-પ્રાપ્યમ' = ગતભવોમાં કરેલા અગણિત પુણ્યના પ્રભાવે પ્રાપ્ત થયેલું.

અન્ય સ્તોત્રમાં ત્રિકાળ સંધ્યા પાઠ કરવાનું વિધાન આવે છે. પરંતુ આ 'શક્રસ્તવ'માં ૧૧ ચૂલિકા સ્વરૂપે ફલાદેશમાં વિશેષ પ્રકારે પાંચ શબ્દોમાં જણાવે છે કે –

સમ્યગ= સાચી રીતે, જપતાં= જાપ કરતાં, પઠતાં=પાઠ કરતાં, ગુણયતાં = ગુણવાથ, શ્રુણવંતા = સાંભળવાથી અને સમનુપ્રેક્ષમાણા = સારી રીતે અનુપ્રેક્ષા કરતા... ભવ્ય જીવોને શું ફળ પ્રાપ્ત થાય છે. આ પાંચ શબ્દો દ્વારા તેને વિશિષ્ટ ગંભીરતા અને વિશાળતા ના અલૌકિક દર્શન કરવામાં આવ્યા છે.

૧૧ ચૂલિકામાં આપેલ વિશિષ્ટ ફલાદેશમાં જણાવે છે કે - ભવ્યજીવોને આ જગતમાં એવી કોઈ ઈચ્છિત વસ્તુ નથી કે જે તેઓને સામેથી લેવા જવાની ચેષ્ટા કરવી પડે, કેમ કે તે સઘળી ઇચ્છિત વસ્તુ સામેથી તેના હાથમાં આવ્યા વિના ન રહે; તેમજ ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને તૈમાનિક દેવો હંમેશા માટે પ્રસન્ન રહે અને આધિ-વ્યાધિ-ઉપાધિનો મૂળથી નાશ થાય; પૃથ્વી,જળ,વાયુ,અગ્નિ અને આકાશ સ્વરૂપ પાંચ મહાભૂત અનુકૂળ રહે, સર્વ સંપત્તિઓનું મૂળ કારણ શ્રી જિનેશ્વર પરમાત્મા પ્રત્યેનો અનુરાગ ઉદ્દભવે; સજ્જન મહાત્માઓ મનથી મહેરબાની કરવામાં તત્પર બને, અને દુર્જનોનો પોતાની દુર્જનતાનો ત્યાગ કરે; જલચર- સ્થલ અને ખેચર સંબંધિત ક્રૂરપ્રાણીઓ પણ મૈત્રીભાવને ધારણ કરવાવાળા બને; અધમ વસ્તુ પણ ઉત્તમતા પ્રાપ્ત કરે; ધર્મ અર્થ અને કામ સ્વરૂપ ત્રણેય પુરુષાર્થ મનોહર બને; શુદ્ર ગોત્ર, પત્ની, પુત્ર, મિત્ર, ધન-ધાન્ય, જીવન, યૌવન, રૂપ, આરોગ્ય, યશ વગેરે પરાકાષ્ઠાને પામે અને શુભઉદયને કરનારી આ લોકની સર્વ સંપત્તિઓ સારી રીતે સન્મુખ થાય.

આ 'શક્રસ્તવ'નો ભક્તિભાવપૂર્વક નિયમિત આરાધના કરનાર જીવનમાં 'મોક્ષ'ની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી અનેક પ્રકારના ભૌતિક સુખોની પ્રાપ્તિ સહજભાવ આનુષંગિક લાભ રૂપે થતી હોય છે. પરંતુ વિવેક વંત આરાધકોને ખાસ લક્ષ્ય રાખવું જોઈએ કે, આ બધા ભૌતિક સુખોનો લાભ તો સાધનાના માર્ગમાં પ્રગતિ થઈ રહી છે, તેને દર્શાવનારી નિશાની માત્ર છે. પરંતુ પ્રભુભક્તિનું મુખ્ય ધ્યેય તો માત્ર 'મોક્ષ' જ હોવું જોઈએ. જેમ સીમા ચિન્હ પર અટકી જનાર મુસાફર ક્યારેય મંજિલ સુધી પહોંચી શકતો નથી, તેમ ભૌતિક સુખો કે સિદ્ધિઓ

અથવા બાહ્ય ચમત્કારોમાં અટવાઈ જતો આરાધક પણ અધવચ્ચેથી જ માર્ગને ખોઈ બેસે છે, તે ક્યારેય પરમોદક સિદ્ધિ સ્વરૂપ મોક્ષને પામી શકતો નથી. આ ‘શક્રસ્તવ’ના પ્રભાવે મહિમાશાળી સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી પણ પોતાની મેળે જ સાધાકાત્માને મળવા માટે સ્વયંવર મંડપમાં ઉત્સાહ સાથે આવીને સ્વયં વરમાળા પહેરાવશે, તેમ અતિ મહત્વનું સર્વોત્કૃષ્ટ ફલાદેશ અંતમાં બતાવે છે .સિદ્ધિ અને કલ્યાણના સમુદાયની પ્રાપ્તિ સહજતાથી થાય છે.

*****************